'ઝાડનાં પારખાં ફળ પરથી' શ્રેણી : ૧૩



# ગ્રામસ્વરાજની ઝાંખી માટે

## —જગુભાઈ ગોડા

લોકભારતી પ્રકાશન. સણોસરા

‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી: ૧૩

# ગ્રામસ્વરાજની ઝાંખી માટે

જગુભાઈ ગોડા

લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦ તા. શિહોર (જિ. ભાવનગર)

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩


ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૫–’૧૬

સંકલન : જુગલકિશોર
૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.
ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨ / ઇ–મેઇલ : jjugalkishor@gmail.com

## અનુક્રમણિકા

ઉપહાર ..... 3
લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર! ..... 4
પ્રાસ્તાવિક ..... 6
ગ્રામસેવાના મૂળાક્ષરો ..... 8
ભૂદાનયજ્ઞમાં કામ કરવાનાં શપથ ..... 10
જીવનસાથી ..... 12
સંસારની કાંટાળી કેડી ..... 14
ગ્રામસેવાનાં સીધાં ચઢાણ ..... 15
ખાદીકાર્ય ..... 22
શ્રી જગુભાઈ ગોડા ..... 25

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર. – **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટેકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) તથા** ***શ્રી ચિરાગભાઈ પટેલ*****ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

# પ્રાસ્તાવિક

શેલ નદીને કિનારે નેસડી ગામ (તા. સાવરકુંડલા)માં સંવત ૧૯૮૫ના વિજયાદશમીએ મારો જન્મ એક સામાન્ય વણિક કુટુંબમાં થયો હતો.

પિતાશ્રી મોનજીભાઈ કેશવજી ભાવિક, ધર્મપરાયણ અને નવા સમાજના વિચારો સમજી શકે અને દૃઢતાપૂર્વક આચરી શકે તેવા હતા. માતુશ્રી હેમકુંવરબહેન અતિ માયાળુ ધાર્મિક બુદ્ધિનાં , વ્યવહારકુશળ અને શ્રમિક પ્રકૃતિનાં હતાં. સ્વભાવે મૃદુ અને ત્યાગભાવનાવાળાં હતાં. કુટુંબની આર્થિક સ્થિતિ સામાન્ય. ખેતી, દૂઝાણું અને દુકાનની આવકથી આર્થિક પાસાં સરભર થતાં.

ગામઠી શાળામાં ગુજરાતી પાંચ ધોરણનો અભ્યાસ પૂરો કર્યો. પછી બાપુજી અને મોટાભાઈની ઇચ્છા મને આગળ સારું ભણાવવાની હતી. હાઈસ્કૂલમાં ભણવા માટે સાવરકુંડલાના 'ખેડૂત વિદ્યાર્થી આશ્રમ'માં રહેવાનું રાખ્યું. બંને વર્ષ સાધારણ કક્ષાએ પાસ થયો. મારી ભણવાની લગન સાધારણ. શહેરી વાતાવરણનાં હૉટલ–ચા–બીડી વગેરે કુલક્ષણો મારામાં પેસવા લાગ્યાં હતાં.

પિતાજીને મારા વર્તનની ચિંતા હતી .'હરિજનબંધુ' અને 'નવજીવન'નું તેઓ નિયમિત વાચન કરતા. શ્રી કેશુભાઈ ભાવસાર , શ્રી અમૂલખભાઈ ખીમાણી , શ્રી લલ્લુભાઈ શેઠના સંસર્ગમાં હતા. તેમની દ્વારા નાનાભાઈ ભટ્ટની ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાની વાત જાણી. મને આંબલા ભણવા મોકલવાનું નક્કી થયું.

જૈન શ્રાવક કુટુંબનો દીકરો ખેતી કરે, રેંટિયો કાંતે, સાવરણો લઈ સફાઈ કરે, કોદાળી–પાવડાથી મજૂરી કરે, કોળી–હરિજન જેવી નીચલી ગણાતી જ્ઞાતિ સાથે રહે – જમે; આ બધાંને કારણે જ્ઞાતિ અને કુટુંબના મોભાનો પ્રશ્ન ઊભો થયો. સગાં – વહાલાંઓએ વિરોધ કર્યો. ટીકાની ઝડીઓ વચ્ચે પણ પિતાજી અને માતુશ્રીએ આંબલાની કેળવણી માટે દૃઢ શ્રદ્ધા રાખી મને ભણવા મોકલ્યો અને ત્યાંના કઠિન જીવનમાં ટકી રહેવાની પ્રેરણા આપી.

- **ચેતનવંતુ અને ખમીરભર્યું લોકશાળાનું જીવન**

લોકશાળાના શરૂઆતના દિવસોમાં મારી માનસિક સ્થિતિ ભય અને દ્વિધાભરી હતી. તેમાંયે વરસાદ પછી થયેલાં કીડા, અળશિયાં ને દેડકાં જોઈને ખૂબ સૂગ ચડતી. જમતી વખતે કઢીમાં આ બધી જીવાત દેખાતી પણ થોડા સમયમાં એ બધું ભુલાતું ગયું. લોકશાળાનુ ચેતનવંતુ છાત્રાલય , રાત્રીપ્રવૃત્તિઓ, વાર્તાઓ ને ગીતો, પ્રવાસો, વૈવિધ્યપૂર્ણ દિનચર્યા, સહજીવનની સુગંધથી મારી ભયગ્રંથિ

અને સાંભળેલી ટીકાઓ અદૃશ્ય થયાં. પ્રાતઃકાળનુંઆનંદિત આકાશ, શ્રમકાર્ય, વર્ગો, ભોજન, રમતગમત વગેરેમાં એવો તો ગૂંથાઈ ગયો કે સંસ્થા ઘર બની ગઈ. સૌ પરિવારભાવનાના રંગે રંગાઈ ગયા. સાચું ઘર ભુલાઈ ગયું. લોકશાળાની તમામ પ્રવૃત્તિઓ મનમાં એવી વસી ગઈ કે તેમાં દિલથી જોડાવાનું મન થતું. કામચોરી કે બહાનાં ઊભાં કરવાની વૃત્તિ ક્યારેય ન ઉદ્‌ભવી.

સત્રારંભે પૂ. મનુભાઈ વર્ધા હતા. છતાં , છાત્રાલયજીવનની તમામ પ્રવૃત્તિઓ સાથે તેઓ ગૂંથાયેલા હોય તેવું લાગતું. તેઓ આવ્યા અને અમારું શિક્ષણકાર્ય શરૂ થયું. ૧૯૪૩થી ૪૭ સુધી આંબલામાં રહ્યો. વરસતા વરસાદે પહાડો ખૂંદવા , ધોધમાં ખાબકવું , તળાવમાં કલાકો સુધી તરવું , નિસર્ગનો ખોળો ખૂંદવો એ અલૌકિક લહાવો હતો. ગોવાળ થઈને ગાયો પાછળ વાંકાનેરના ડુંગરાઓમાં રખડવું, વિવિધ રમતો , નર્સરી અને વાડોલિયાં , રાત્રીનાં રખોપાં, કામ ઉત્તમ રીતે કરવાની તંદુરસ્ત હરીફાઈ, વર્ગો ચૂકીને પણ સોંપેલ કામમાં ગરકાવ રહેવું – એ યાદ કરું છું ને ઈશ્વર પાસે માગવાનું મન થાય છે કે આંબલાના છાત્રાલયજીવનનાં એ વર્ષો ફરી જીવવા આપો.

કરમશીભાઈ, મગનભાઈ અને હું – અમારી ત્રિપુટી રમત, તરવું, અઘરાં કામો ઉપાડવાં ને પાર પાડવાં, ભોજનમાં હોય તેટલું સ્વાહા કરવું અને છતાં માંદા ન પડવું વગેરે માટે જાણીતી બની હતી. પૂ. મનુભાઈ તરફથી સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ (ઠપકો)નો લાભ પણ લેતા રહેતા.

આંબલામાં ગાયો દોહવી, રસોઈ કરવી, કાંતણ કરવું, ખેતી – ગોપાલનનું જ્ઞાન, ગાવું – વાંચવું – વિચારવું દ્વારા બૌદ્ધિક વિકાસ , પ્રવાસ દ્વારા સમાજજીવનનો અભ્યાસ અને ખડતલપણું વગેરે દ્વારા અનેક દિશાએથી અમે ઘડાયા. પૂ. વિજ્યાબહેનની માંદાની માવજત આજે પણ રોગી તરફ કરુણા ઊભી કરવામાં પ્રેરણા આપે છે. પૂ. મનુભાઈ પાસેથી મહાભારતની કથાઓ, સોરઠી સંતો ને બહારવટિયાઓની કથાઓ સાંભળી ખમીરવંતા બન્યા. ભારતીય સંસ્કૃતિનું અદ ભુત પાન કર્યું. પૂ. નાનાભાઈએ હિન્દુધર્મની આખ્યાયિકાઓ અને ભાગવતની કથાઓ દ્વારા ધર્મનાં મૂળભૂત તત્વોનું સિંચન કર્યું. પૂ. મૂળશંકરભાઈની, લા મિઝરેબલ , સાહસિકોની સૃષ્ટિ , ખજાનાની શોધમાં વગેરે કથાઓએ સાહસ ખેડવા પ્રેર્યા . પૂ. બુચભાઈનો હાસ્યરસ અને નિરભિમાની સરળ જીવનધારાએ અમને જીવનનું ભાથું આપ્યું. ગાંધીવિચાર વિશે ત્યારે ખાસ સમજણ આવી હોય તેવું યાદ નથી આવતું. પરંતુ ગાંધીવિચારના મૂળભૂત પાયાનું ચણતર અને સુસંસ્કારોનું બીજારોપણ આ ચાર વર્ષના ગાળામાં પૂ. નાનાભાઈ, મનુભાઈ, મૂળશંકરભાઈ, બુચભાઈ વિજ્યાબહેનના સાન્નિધ્યમાં થયું એમ નિ:શંક કહી શકું.

# ગ્રામસેવાના મૂળાક્ષરો

વિદ્યા અને શીલનો અનિવાર્ય સંબંધ, નવી કેળવણીની જ્યોત ગરીબના ઝૂંપડા સુધી પહોંચાડવી જોઈએ, શરીરશ્રમની પ્રતિષ્ઠા, બીજાને માટે ઘસાવાની તૈયારી , ગામડાનો સર્વાંગી વિકાસ થાય , જ્ઞાતિ, સંપ્રદાયના વાડા તોડવા, સરકારી નોકર ન બનતાં ગ્રામાભિમુખ સ્વાવલંબી જીવન જીવવું વગેરે મૂલ્યો આંબલાના શિક્ષણમાંથી મળ્યાં હતાં. આગળ અભ્યાસ માટે મારી ઇચ્છા નહોતી. ગામડામાં જ ખૂંપી જવાના દૃઢ નિશ્ચય સાથે મુ. માટલિયાભાઈ પાસે ૧૯૪૮માં માલપરા ગયો

માલપરા જઈને શિક્ષક કે ગ્રામસેવક થવાનું મન નહોતું ; પરંતુ મારે તો શ્રમજીવી ખેડૂત બનવું હતું. ગામડાના મહેનતકશ કારીગરો, મજૂર, શોષિત કિસાનોને સંગઠિત કરી અન્યાયનો પ્રતિકાર કરવાનું વિચાર્યું હતું. મુ. માટલિયાભાઈની કાર્યનિષ્ઠા અને વિચારનિષ્ઠા અનુકરણીય હતી. પ્રથમ વર્ષે ગ્રામસંપર્ક સેવાદળ, ગામડાંઓનાં યુવક મંડળોની રચના, ભાઈઓ – બહેનોના પૌઢ શિક્ષણના વર્ગો, દુષ્કાળનું વર્ષ (૧૯૪૯) હોવાથી નીરણકેન્દ્રો, છાશકેન્દ્રો, તળાવ ખોદાવવાં વગેરે કાર્યો શરૂ થયાં. યુવાનવર્ગ આકર્ષાયો. સુંદર વાતાવરણ ઊભું થયું. આંબલાની કેળવણીએ ગ્રામીણ સમાજમાં ઓતપ્રોત થવા માટે અને તેની મુશ્કેલીઓમાં સહાયભૂત થવા માટે મને તૈયાર કર્યો હતો – ઘડ્યો હતો. માલપરા ઉપરાંત ઢસા, ભંડારિયા, ગુંદાળા , ઘોઘાસમડી , માંડવા , જલાલપર , જાળિયા , ખીજડિયા , અનિડા, પીપળવા વગેરે ગામોમાં યુવકમંડળો , રાસમંડળીઓ , ભજનમંડળ , સેવાદળ વગેરે સંગઠનો ઊભાં થયાં. ગ્રામસભા , નાટકો, સમારંભો દ્વારા આસપાસનાં ૫૦ ગામોમાં વિચારપ્રચાર અને લોકકલ્યાણની પ્રવૃત્તિઓનું વાતાવરણ ઊભું થયું.

સૌરાષ્ટ્ર રાજ્યમાં જમીનદારી , ગિરાસદારી નાબૂદીના પ્રશ્ને સામંતશાહી પરિબળો અને ખેડૂતો વચ્ચે સંઘર્ષ પરાકાષ્ઠાએ પહોંચ્યો. લૂંટ , ખૂન, ત્રાસ દ્વારા ભયનું વાતાવતણ સર્જાયું હતું. મારી રુચિને અનુકૂળ પ્રવૃત્તિ મળી ગઈ. ખેડૂતોની પડખે રહી રાતદિન જોયા વિના કામ કર્યું. સામંતશાહી બળોના નિશાન પણ બનવું પડ્યું. માલપરા આજુબાજુનાં ૫૦ – ૬૦ ગામોમાં આ દિશામાં નોંધપાત્ર કાર્ય થયું.

મૂળે મારી ઇચ્છા ખેડૂત બનવાની હતી. સંસ્થાને એક દાતા તરફથી મળેલ ૫૦ વીઘા જમીનમાં , સાથી વિના ખેતીનાં તમામ કામો જાતે કરવાનો પ્રયોગ કર્યો. લોકોની ટીકાઓ વચ્ચે પણ ઉત્સાહથી કામ કર્યું. ખેતી પર મારી શ્રદ્ધા અને આવડત વધી. ખેતીના પ્રશ્નોની ઝાંખી થઈ. ખેતીના આર્થિક પાસાની સમજ વધી અને દેખાયું કે ફક્ત ખેતી આધારિત ગામડું કદી બેઠું થાય નહિ. ખેડૂત સમાજને ઓશિયાળો મટાડવો હોય તો ખેતી સાથે ગ્રામોદ્યોગોનું આયોજન કરવું જ રહ્યું આ માનસિક ભૂમિકાથી , ગ્રામનિર્માણ માટે ખેતીગોપાલન ઉપરાંત ખાદી – ગામોદ્યોગોની તાલીમ લેવા સેવાગ્રામ જવાનું મેં નક્કી કર્યું.

૧૯૪૮થી '૫૨ સુધી મુ. માટલિયાભાઈના સાન્નિધ્યમાં ગ્રામોત્થાનનાં વિવિધ પાસાંઓ જેવાં કે , નઈતાલીમ, પૌઢશિક્ષણ, ખેતી, ખાદી, જમીનદારી નાબૂદી , સ્ત્રીકેળવણી, યુવકમંડળો, સહકારી મંડળી , અંધશ્રદ્ધાનાબૂદી, નોકરિયાતોના અન્યાયનો પ્રતિકાર વગેરેનો પ્રત્યક્ષ અનુભવ કર્યો. ગ્રામદક્ષિણામૂર્તિનું શિક્ષણ એમાં અતિ ઉપયોગી થયું. ગામડાના પરિવર્તન માટે હજુ વધારે કઠિન પુરુષાર્થ , તપશ્ચર્યા અને વૈચારિક ઊંડાણની અનિવાર્યતા સમજાઈ. હું તો અવૈતનિક કાર્યકર હતો. આના – પાઈમાં કમાણી નહોતી કરી. પણ લોકોનો વિશ્વાસ અને સ્નેહ ભરપૂર કમાયો. લોકોના આ એકાત્મભાવને હું જીવનની બહુ મોટી મૂડી સમજું છું.

- **સેવાગ્રામનું મારું શિક્ષણ**

સેવાગ્રામ (વર્ધા) જવાની મારી ઇચ્છાના મૂળમાં વર્ગ સમન્વયનો માર્ગ વિચારવો , તેની વૈચારિક ભૂમિકાનો ઊંડાણથી અભ્યાસ કરવો અને ગ્રામનિર્માણ માટે તેના કાર્યક્રમો કઈ રીતે અમલમાં મૂકવા તે સમજવાનું હતું.

પરંતુ ગાંધીવિચાર અને અહિંસાની વિચારણામાં મારી સમજ કાચી હતી. ઉદ્દામવાદી ચમકીલા વિચારો મને આકર્ષતા હતા. એ સંજોગોમાં અખિલ ભારતીય સ્નાતક તાલીમ વર્ગમાં મોકલવા માટે પૂ. નાનાભાઈનું દિલ નારાજ હતું. પરંતુ મારી પ્રબળ ઇચ્છા જોઈ તેમણે આશીર્વાદ આપ્યા.

ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં ગ્રામોદ્યોગ, ખાદી, નઈતાલીમ અને ખેતી – ગોપાલન એ ગ્રામસમાજ નવરચનાના ચાર આધારસ્તંભોનો મારે અભ્યાસ કરવાનો હતો. ૨૪ ભાઈઓ અને એક બહેન મળીને કુલ ૨૫ સહાધ્યાયીઓ ભારતના દરેક પ્રાંતમાંથી આવ્યાં હતાં. ગાંધીવાદી અર્થશાસ્ત્રી જે. સી. કુપારપ્પાજી, ગાંધીવિચારના ચિંતક જી. રામચંદ્રનજીની સાદગી, નિખાલસતા, નિષ્ઠાએ અમારા પર મોટી અસર પાડી. ગાંધીમાર્ગે ગ્રામસમાજને દોરવા અત્યંત સાદગીપૂર્ણ વ્યવહારની તાલીમ મળી. ત્યાંની કઠિન, સ્વાશ્રયી, આગ્રહી, ઉદ્યમી દિનચર્યામાં ગ્રામદક્ષિણામૂર્તિના શિક્ષણને કારણે ગોઠવાઈ શક્યો અને સુવાસ ઊભી થઈ. ગુરુજનોનો સ્નેહ સંપાદન કર્યો. ગ્રામોદ્યોગો હસ્તગત કર્યા. રવીન્દ્રનાથ , કિશોરલાલભાઈ, કાકાસાહેબ , વિનોબાજી , ગાંધીજીનાં પુસ્તકોનું અધ્યયન થયું. ખાદી વિદ્યાલયના આચાર્ય શ્રી પંડિતજીની સરળતા અને નિરભિમાનીપણું આજે પણ આદર જગાડે છે . ત્રણ માસ એમના સાન્નિધ્યમાં રહ્યા.

# ભૂદાનયજ્ઞમાં કામ કરવાનાં શપથ

દરમિયાનમાં પૂ. વિનોબાજીએ તેલંગાણામાં ભૂદાનયજ્ઞ શરૂ કર્યો. ચાંડિલના સર્વોદય સંમેલનમાં (૧૯૫૩માં) પૂ. જયપ્રકાશજીએ વિદ્યાર્થીઓને અભ્યાસ છોડીને એક વર્ષ ગ્રામસેવા માટે આપવાનું આહ્‌વાન કર્યું. અમે ૧૬ વિદ્યાર્થીઓએ જે. પી.ના આહ્‌વાનમાં ઝંપલાવવાનું નક્કી કર્યું. અભ્યાસ છોડ્યો. ભૂદાનયજ્ઞમાં કામ કરવાના જે. પી. ની હાજરીમાં શપથ લીધા.

- **પ્રથમ પદયાત્રા**

વર્ધાથી ચાંડિલ એટલે ૯૦૦ માઈલનું અંતર. આર્થિક પ્રશ્ન નહોતો , અમે પદયાત્રા કરી , ગ્રામજીવન જોતાં,વિનોબાજીના વિચારોનો પ્રચાર કરતાં , અનુભવો મેળવવાનું નક્કી કર્યું. આંબલાના શિક્ષણ દરમિયાન ગિરનાર , પાંચાળના પગપાળા પ્રવાસો કર્યા હતા. કોઈ વૅકેશન અમારી ત્રિપુટીએ પ્રવાસ વિના જવા નહોતું દીધું. એ સંસ્કારો અહીં કામ લાગ્યા. લાંબું અંતર અને ભાષાનો ફરક હતો , બાકી મને પરિચિત લાગતું હતું. ધામ નદીને તીરે રાતવાસો કરી ૧૩મી ફેબ્રુઆરીએ અમે ત્રણ મિત્રોએ પદયાત્રાનો આરંભ કર્યો. અમને વિધિસર વિદાય આપવામાં આવી. મહારાષ્ટ્ર , મધ્યભારત, ઓરિસ્સા અને બિહારમાં અમારે ૭૦૦ માઈલ પગપાળા અને ૨૦૦ માઈલ વાહનમાં જવાનું હતું , જેથી અમે નિશ્ચિત સમયે ચાંડિલ પહોંચી શકીએ.

ભૂગોળમાં ભારત વિશે ભણ્યા હતા. પુસ્તકોમાં વાંચ્યું હતું , પણ પદયાત્રા દરમિયાન ભારતભૂમિનાં પ્રત્યક્ષ દર્શન થયાં તેમાં કંગાલિયત , દરિદ્રતા, ઉદારતા, મહાનતા, વિદ્વત્તાનાં અનેક રૂપ જોવા મળ્યાં. કોઈ પણ યુનિવર્સિટી કરે તે કરતાં અમારું શિક્ષણ વધારે થયું.

એના ઉદાહરણરૂપ અનેક પ્રસંગોમાંથી એક-બે પ્રસંગો નમૂનારૂપે વર્ણવું તો અનુચિત નહીં લાગે.

(૧) અમારો નિયમ હતો કે બજારમાંથી ખરીદીને ન ખાવું. મળે તે ઠીક , નહીં તો ભૂખ્યા રહેવું. ભિક્ષાવૃત્તિથી જ ચલાવવું. આગેવાનોને મળીને, ગોઠવણ મોટે ભાગે થઈ જાય. નાગપુર જતાં વચ્ચે એક ગામમાં બધા પ્રયત્ન પછી પણ જમવાનું મળ્યું નહીં. હવે સાંજે બીજે ગામ જઈને વાત , એમ કરી , ગામબહાર પાંચસાત વૃક્ષોવાળી જગ્યામાં જઈ , પાણી પીને સૂતા. પડખેની ઝૂંપડીમાંથી એક બહેન આવ્યાં. સાવ ગરીબ. ભાષા સમજે નહીં. ગામમાં ક્યાંય ખાવાનું મળ્યું નથી એટલું માંડ કરીને એને સમજાયું. તેનો ચહેરો વ્યાકુળ બની ગયો. બોલી શકે નહીં. અમે સમજી ગયા. સમજાવ્યું કે 'અમે નાતજાતમાં નથી માનતા.' બહેન સમજી. એકદમ કહે,'મારે ઘેર જમશો ?' અમે તકલીફ લેવા ના પાડી પણ તેણે સોગંદ દઈ રોક્યા. થોડીવારમાં તેનો પતિ આવ્યો. ઝૂપડીમાં જઈ , તરત પાછો ફર્યો. ગામમાં

જઈ ડુંગળી લાવ્યો. બહેને જુવારની બાટી શેકી નાખી. સાથે કાંકરી ગોળ આપ્યો. પાંદડાંની પાતળ પર હોંશભેર અમને જમાડ્યા. અનેકવાર મિષ્ટાન્ન ખાધું છે, પણ આવી મીઠાશ ક્યારેય નથી માણી. એ ગરીબ સ્ત્રીના ઉદાર હૃદયના આતિથ્યે અમને ભારતીય સંસ્કૃતિનો નવો જ બોધપાઠ શિખવાડ્યો.

અમારા જેવા અજાણ્યા યાત્રીઓ માટે અમારી ચોકી કરવા વારાફરતી આદિવાસી ગ્રામજનો આખી રાત જાગતા રહ્યા એ યાદ કરું કે જેના આંબાવાડિયામાં ઘડીભર સૂતા એ માટે ગૃહપ્રવેશનો ગુનો દાખલ કરી અમને પકડાવ્યા એ ન્યાયાધીશને યાદ કરું કે અમારી પાસેથી ભૂદાનસાહિત્ય ખરીદીને , અમારી વાત સાંભળવા રાજી પોલીસ અફસરને યાદ કરું ? અનેક પ્રસંગો છે ; પણ એક પ્રસંગ અવિસ્મરણીય છે.

(૨) નાગપુરથી આગળ ભંડારા ગામ છે. હટાણાનું ગામ. અમે ભૂખ્યા થયા હતા , થાક્યા પણ હતા. કોઈ અમારો હાથ પકડતું નહોતું. એક મજૂર જેવા ભાઈએ એક સદ્ ગૃહસ્થનું નામ સૂચવ્યું. અમે એમને ત્યાં ગયા. તેઓ દરવાજામાં જ ઊભા હતા. ઠંડી રીતે અમારી વાત સાંભળી. અમને બેસાડી અંદર ગયા. અમે આશા છોડી. ત્યાં તો તેઓ બીજા ભાઈને સાથે લાવ્યા , તેની સાથે અમને એક લૉજમાં મોકલ્યા. લૉજ માલિકે આવકાર્યા, અમે પેટનું ભાડું ચૂકવ્યું. ત્યાં તો પેલા બુઝુર્ગ આવ્યા. બોલ્યા , “તમને જમવા માટે બહાર મોકલ્યા તે બદલ માફ કરજો. મારી પુત્રવધૂને બાળક અવતરતું હતું તેની ચિંતામાં હું હતો. તમે સૌ હિંદુઓ છો. તમારી સૂવાની વ્યવસ્થા તમાકુના વેપારી એક ગુજરાતી ભાઈને ત્યાં કરી છે.” અમે એ નેકદિલ મુસ્લિમ બિરાદર પર વારી ગયા. ખુદાની અમારા પર કેવી કૃપા કે એમની મુલાકાતનું સદ્ભાગ્ય અમને આપ્યું ?



## જીવનસાથી

ચંડિલમાં ભૂમિક્રાંતિ માટે એક વર્ષ આપવા અમે પ્રતિજ્ઞાબદ્ધ થયા. કર્મઠ ગાંધીવાદી આચાર્ય ધીરેનદા અમારા રાહબર બન્યા.

સેવાગ્રામના અભ્યાસ દરમિયાન કેરળમાં સરસ્વતીબહેન મારા સહાધ્યાયી હતાં. એસ. એસ. સી. સુધીનું શિક્ષણ તેમણે અંગ્રેજી માધ્યમની યુરોપિયન શાળામાં લીધું હતું. પછી મદ્રાસમાં ઇન્સ્યુરન્સ કંપનીમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતાં કરતાં B.Comની પદવી મેળવી. મદ્રાસમાં ગાંધીજીનું પ્રવચન સાંભળી નોકરી છોડી ગાંધીગ્રામમાં જી. રામચંદ્રન સાથે કામમાં જોડાયાં. ત્યાંથી જી. રામચંદ્રનના સેક્રેટરી તરીકે વર્ધા આવ્યાં હતાં. નાગપુર યુનિ.માંથી B. A. પદવી પણ મેળવી. તેમનું હિન્દીનું જ્ઞાન નહીંવત્. ટાઈપકામ કરવા સાથે અભ્યાસ પણ કરે. ભૂદાનમાં જોડાવાનો તેમનો નિશ્ચય હતો. અમારો પરિચય ગાઢ મૈત્રીમાં પરિણમ્યો. વૈચારિક ઐક્ય અને પરસ્પરના આકર્ષણથી ઉદ્ ભવેલ પરિસ્થિતિથી પૂ. ધીરેનદાએ અમારી સામે લગ્નજીવનનો પ્રસ્તાવ મૂક્યો. લાંબા વિચારને અંતે અમે એને સ્વીકારવાનું ઉચિત માન્યું. પૂ. ધીરેનદાના આશીર્વાદથી ખૂબ સાદાઈથી છતાં ધામધૂમથી અમારાં લગ્ન થયાં. ધીરેનદાએ કન્યાદાન દીધું. અમારા આંતરજ્ઞાંતિય, આંતરધર્મી, આંતરપ્રાંતીય ક્રાંતિકારી લગ્નજીવનનો પ્રારંભ થયો.

- **પ્રભુતામાં પગલાં અને ભૂદાનગંગાનું પાવન સ્નાન**

પ્રભુતામાં પગલાં અને ભૂદાનયજ્ઞ માટે એક વર્ષ કામ કરવાનો સંકલ્પ અમારે માટે સીધાં ચઢાણરૂપ હતો. પરિવ્રાજક બની ગામડાનું ભ્રમણ , બગલથેલામાં ગીતા પ્રવચનો , યજ્ઞગીતો અને ચોપાનિયાં, તેનું વેચાણ , સભા , સરઘસ અને સંવાદ , ભૂમિની પ્રાપ્તિ અને વિતરણ વગેરે કાર્યક્રમોમાં ૧૯૫૩ની સાલમાં અમે બિહારના બેગૂસરાઈ જિલ્લાના તેગડા , બછવારા, બરિવારપુર તાલુકાનાં ગામડાં ખૂંદવા લાગ્યાં. ગંગા અને ગંડકીનાં સંગમનો આ ફળદ્રુપ પ્રદેશ હતો. અજ્ઞાન , કંગાલ, શોષિત, અસ્પૃશ્ય, પીડિત જનતા, તેની ઝૂંપડપટ્ટીઓ, અને સામંતશાહીયુગના જમીનદારોના પ્રભુત્વ અને શોષણનાં દર્શન થતાં. માલિકીવિસર્જન, વર્ગવિહીન શોષણહીન સમાજરચનાના ક્રાંતિકારી કાર્યમાં અમે સહભાગી બન્યાં. આંબલામાં પૂ. મનુભાઈ પાસેથી ક્રાંતિની , સમાનતાની , અહિંસક પ્રક્રિયાની વાતો સાંભળી હતી. તેને અમલી બનાવવાની ધગશથી અમે વિનોબાજીની આ જંગમ વિદ્યાપીઠમાં ખૂંપી ગયાં. અમારા ક્ષેત્રમાં તાલુકા મથકોમાં અમે ભૂદાનયજ્ઞનીઑફિસો શરૂ કરી દીધી. ભૂદાનમાં જમીન મેળવવી અને તે પણ સારી જમીન મેળવવી એ પ્રારંભમાં અમને ફક્ત કાલ્પનિક જ લાગતું. હૃદયપરિવર્તનની વાત આગેવાનો પાસેથી સ્તબ્ધ થઈને સાંભળી હતી પણ પ્રત્યક્ષ વ્યવહારમાં અસંભવ લાગતી. પ્રેમની ભાષાશૈલીનો અનુભવ અમને થયો નહોતો ; પરંતુ અમે શ્રદ્ધા અને દૃઢતાથી કરુણાના પથ વહ્યે જતાં હતાં.સભા –

સરઘસ, ઘરઘરના પરિચય દ્વારા યોગ્ય વાતાવરણ ઊભું કરવા મથી રહ્યાં હતાં. સભાનો પ્રારંભ પ્રાર્થના, ભજન, ધૂનથી કરતાં. ભજન – ધૂન લોકોને આકર્ષવામાં અતિ ઉપયોગી થતાં. લોકશાળામાં પૂ. મૂળશંકરભાઈની સંગીતવિદ્યાએ અમારા ગળામાં જે ઉતાર્યું હતું તે અહીં અમને ખપ લાગ્યું. બહેનો બાબત બિહાર ખૂબ રૂઢિચુસ્ત ગણાય. યુવાન સ્ત્રીનું મુક્ત દર્શન ભાગ્યે જ થાય, પરંતુ મારાં પત્ની સાથે હોવાથી બહેનોની અલગ મિટિંગો ગોઠવવામાં અમને સરળતા રહેતી.

ભૂમિદાન મેળવવાનો પ્રથમ પ્રસંગ અમને કાયમ યાદ રહી ગયો છે. મંઝોલ ગામમાં સત્યનારાયણ સિંહા ૧૨૦૦ વીઘાં જમીનના માલિક, મોટા જમીનદાર. રાત્રીસભા, દિવસે શાળામાં બાળકો સાથે વાર્તાલાપ, વાતાવરણમાં ગુંજતાં યજ્ઞગીતો તેમને પણ સ્પર્શી ગયેલાં. બીજે દિવસે તેમણે અમને મળવા બોલાવ્યાં. અમે તેમને ત્યાં ગયાં. વિનોબાજીની ભૂદાનની ફિલસૂફી તેમને વિગતે સમજાવી. અમારી ફરજ પૂરી થઈ માની અમે વિદાય લીધી. રાત્રે તેમનું કહેણ આવ્યું કે, "આવતી કાલે બપોરે અમારી સાથે જમજો." બીજે દિવસે તેમને ત્યાં જમ્યાં. મારાં પત્ની ઘરની બહેનો સાથે ભળી ગયાં. જમી પરવારી, આરામ કરી અમે વિદાય લેવાનાં હતાં ત્યાં સત્યનારાયણબાબુએ જાહેરાત કરી કે, "અમે અમારા પરિવાર તરફથી વિનોબાજીના ભૂદાનયજ્ઞમાં ગરીબોને વહેંચવા માટે, અમારી જમીનનો છઠ્ઠો ભાગ (૨૦૦ વીઘાં) આપીએ છીએ. સાથે એક જોડી બળદ અને સંપત્તિદાનમાં રૂ. ૫૦૧/- પણ આપવા માગીએ છીએ." અમારા આશ્ચર્યની સીમા ન રહી. આંખો હર્ષાશ્રુથી ભીની થઈ. તેમને શું કહેવું તે સમજાતું નહોતું. આખરે દાનપાત્ર ભરાયું. પછીથી જે. પી.ને બોલાવી, આજુબાજુની જનતાનું વિશાળ સંમેલન બોલાવી, આ દાન સ્વીકારાયું. ૧૨૦૦ વીઘાનો ખાતેદાર ૨૦૦ વીઘાનું દાન કરે એ તો સારું જ છે, પણ પછીથી થોડી જમીનમાંથી સામાન્ય માણસની ભવ્ય ભાવનાનાં દર્શન કરતાં હૃદય ગદ્ ગદિત થઈ જતાં.આવા તો અનેક ધન્યપ્રસંગો પછીથી બન્યા છે. ભારતીય સંસ્કૃતિના સંસ્કારોની સુવાસ અનુભવી છે.

બીજા કેટલાક પ્રસંગો નોંધવાનું મન થાય તેમ છે. અમને ગમે ત્યારે ઉતારો આપનાર અને કુટુંબીજન ગણી સાચવનાર, હાઈસ્કૂલના શિક્ષક શ્રી ગણેશદત્ત શર્મા ; અમને દરેક કાર્યમાં સહાયભૂત થનાર ન્યાયમૂર્તિ શ્રી વિભૂતિબાબુ અને એવી બીજી અનેક વ્યક્તિઓના સદ્ ભાવના અમે ભાગીદાર બન્યાં. એક વખત મારાં પત્નીને સખત તાવ આવ્યો ને માથું ચડ્યું ત્યારે, જે ગામમાં રાતવાસો ન કરવાની સૂચના મળી હતી, તે મેઘોલ ગામની એક વૃદ્ધાએ મારાં પત્નીની પેટની દીકરીની જેમ સારવાર કરી, બેત્રણ ભાઈઓએ નાનીમોટી સગવડ સાચવી, અમને પરાણે બે દિવસ રોકી સાચવ્યાં, એ પ્રસંગમાં છલકાતી માનવતા હૈયે સદા તાજી રહી છે. આ કેમ બન્યું એ તપાસું છું ત્યારે અમે જે નિસ્વાર્થભાવે કામ કરતાં હતાં, આવતાં જતાં લોકો સાથે પ્રેમપૂર્વક બોલતાં – ચાલતાં, ગરીબો માટે કામ કરીએ છીએ એવી છાપ ઊભી થઈ હતી, તેનું જ આ પરિણામ હતું તેમ દેખાય છે. આપણા કામનો પડઘો સામાન્ય માણસના દિલમાં પડે જ છે એની પ્રતીતિ અમને અનેક પ્રસંગે થઈ છે.

# સંસારની કાંટાળી કેડી

આંબલાના શિક્ષણે મારામાંથી જ્ઞાતિભાવ નાબૂદ કર્યો હતો. સરસ્વતી સાથે લગ્ન કરતી વખતે મને જ્ઞાતિનો વિચાર નહોતો આવ્યો. સેવાગ્રામ , બિહાર, ખાદીગ્રામના એક વર્ષના અનેકવિધ અનુભવો લઈ અમે બંને સૌરાષ્ટ્ર આવવા નીકળ્યાં. મારાં પત્નીને પ્રસૂતિનો સમય નજીક આવી રહ્યો હતો. હું કાંઈ સંસ્થાનો કાર્યકર નહોતો. બિહારમાં અવૈતનિક કાર્યકર હતો , એટલે આર્થિક પ્રશ્ન ગંભીર હતો. ઘરની સ્થિતિ પણ સાધારણ હતી, પણ છૂટકો નહોતો. અમે સીધા નેસડી જવાનું નક્કી કર્યું.

સાવરકુંડલા ઊતરી નેસડી સમાચાર મોકલ્યા. ટૅક્સી કરી અમે નેસડી પહોંચ્યાં. અમારા આગમનના સમાચાર વાયુવેગે ગામમાં પ્રસરી ગયા. ગામડાનો સમાજ. (અમારાં લગ્ન પછી અમારે વિશે ગામમાં રાસડા જોડાયા હતા.) આબાલવૃદ્ધ સૌ અમને જોવા માટે ઊમટ્યાં. કેમ જાણે અમે તમાશાનું સાધન હોઈએ ! ટોળું મોટું ને મોટું થતું ગયું. અમારી મોટરને ઘેરી લીધી. જાતભાતનાં વાક્યો બોલાય. અમારી શેરી ભરાઈ ગઈ. ઘર ફરતાં લોકો ફરી વળ્યાં. અમારે માટે ટોળાને કાબૂમાં રાખવાનું મુશ્કેલ હતું. ઘરના દરવાજા બંધ કરવા પડ્યા. તેથી પથ્થરમારો થયો. અમને બિહારની ગ્રામસભાઓમાં સ્થાપિત હિતોના હુરિયા, દેકારા, પથ્થર ફેંકવા વગેરેનો અનુભવ હતો. પણ ઘરનાં સૌને ચિંતા હતી. ઘરમાં સૌ શાંત બેસી રહ્યાં. એક કલાકે વાદળ વીખરાયાં. સૌ પોતપોતાને ઘેર ગયાં.

ઘરમાં બાએ હર્ષઘેલાં બની વિધિપૂર્વક અમને આવકાર આપ્યો. ઘરનાં સૌએ સરસ્વતીને પોતાનામાં સમાવી લીધી. મને સૌરાષ્ટ્રનું ગામડું કોઠે પડી ગયું હતું ; પણ મદ્રાસની યંગ વિમેન્સ હૉસ્ટેલની આધુનિક સગવડોમાંથી આવેલી સરસ્વતીને માટે આ પ્રથમ પરિચય હતો. તેની હિન્દી પણ ભાંગીતૂટી. સંકડાશ, ગંદકી, અપૂરતો પ્રકાશ અને ગરમીએ તેને ઠીક ઠીક અકળાવીપણ ખરી. પણ કુટુંબીજનોની હાર્દિકતા અને સમજણે તેને હૂંફ આપી. બધું સહ્ય બનાવ્યું.

મારાં પત્ની પ્રસૂતિ માટે સાવરકુંડલાની હૉસ્પિટલમાં દાખલ થયાં. મુ. શ્રી લલ્લુભાઈએ પોતાનું ઘર અમને વાપરવા આપ્યું. હૉસ્પિટલમાં અચૂક ખબર પૂછવા આવી , મદદરૂપ થઈ તેમણે અને મુ. નિર્મળાબહેને અમને જીવનભરનાં તેમનાં ઋણી બનાવ્યાં. મારી પાસે આર્થિક સગવડ કશી નહિ. આ પ્રસંગ પણ મિત્રો પાસેથી લોનરૂપે રકમ લઈ પાર પાડ્યો. ‘હવે શું ?’ એ પ્રશ્ન પડકાર બનીને સામે આવ્યો.

## ગ્રામસેવાનાં સીધાં ચઢાણ

મુ. શ્રી માટલિયાભાઈએ વાત્સલ્યધામ માલપરાના સંચાલક તરીકે મને બોલાવ્યો. આ પ્રદેશમાં ભૂદાનનું કામ મુ. માટલિયાભાઈના અથાગ પરિશ્રમથી પૂરજોશમાં ચાલતું હતું. લોકશાળાના માધ્યમથી ગ્રામપ્રદેશમાં નવજાગૃતિ લાવવાનો પુરુષાર્થ થતો હતો. માલપરાના સંસ્થાકીય વાતાવરણમાં અમારું વ્યક્તિગત જીવન અને સંસ્થાજીવન આગળ ધપવા લાગ્યું.

આસપાસનાં પચાસેક ગામોમાં ભૂમિક્રાંતિના વિચારો ફેલાવવા માટે નાટકો, ગીતો, સભાઓ તથા પદયાત્રાઓનું આયોજન થવા લાગ્યું. મુનિશ્રી સંતબાલજી અને પૂ. રવિશંકરદાદાના સંનિષ્ઠ પ્રયાસોથી ભૂમિદાન માટેનું વૈચારિક ખેડાણ સારું થયું હતું. મને બિહારનો અનુભવ હતો અને સાથે મુ. માટલિયાભાઈની ઉષ્મા હતી. છૂટક છૂટક એક બે વીઘાં જમીનનું દાન મળે એ કરતાં ગામની ૧/૬ ભાગની જમીનનું દાન થાય અને તે જમીન તમામ ભૂમિહીનોને મળે તેવી અમારી કલ્પના હતી. ગામમાં કોઈ બેકાર ન રહે , ગ્રામોદ્યોગો દ્વારા ગામડું સ્વાવલંબી બને , પગભર થાય એવી વ્યવસ્થા નિર્માણ કરવાની અમારી ઝંખના હતી.

અમારા પરિચયનાં લગભગ તમામ ગામોમાં છઠ્ઠા ભાગની જમીન દાનમાં આપવાની શરૂઆત થઈ. અમુક ભાવનાશાળી ખેડૂતો આંદોલનની હવાની અસરથી દાન આપતા હતા. પણ આખા ગામની ૧/૬ જમીન દાનમાં મળે એ વાત આગળ ચાલતી નહોતી. આખરે સાજણાવદર , ખીજડિયા અને ભંડારિયા એ ત્રણ ગામોએ સમગ્ર ગામની ૧/૬ ભાગની જમીન આપવાનું નક્કી કર્યું. દાનપત્રો ભરાયાં. અનીડામાં ૬૦% જેવું ૧/૬ ભાગનું દાન થયું. માલપરા અને ગુંદાળામાં થોડા ખેડૂતોએ છઠ્ઠો ભાગ આપ્યો. અમે પૂ. રવિશંકરદાદા અને મુ. ઢેબરભાઈ તથા મુ. વજુભાઈને હાથે જમીનનું વિતરણ કરાવ્યું.

હવે પ્રશ્નહતો ભૂદાની ગામોમાં નવનિર્માણ કરવાનો. માત્ર પદયાત્રા, મુલાકાત કે વ્યાખ્યાનથી એ થઈ શકે એમ નહોતું. એને માટે ધૂણી ધખાવીને બેસનાર કર્મઠ કાર્યકર્તાની જરૂર હતી. સાથીઓને લોકશાળા કે સઘનનું કામ છોડીને ગામડામાં જઈને બેસવાનું વ્યવહારુ લાગતું નહોતું. મારી સ્થિતિ જુદી હતી. લોકોએ વિનોબાનો વિચાર સ્વીકાર્યો , ભૂદાન આપ્યું , ભૂમિહીન મજૂરોને જમીન મળી , પ્રેમનું શસ્ત્ર સફળ થયું, એવા નક્કર ભૂમિકાવાળાં ગામોમાં સ્વાવલંબનના પાયા પર ગ્રામોદ્યોગપ્રધાન પ્રવૃત્તિઓ શરૂ કરવી જોઈએ એમ મને લાગતું હતું. ગ્રામસ્વરાજના નમૂનારૂપ એકમો ઊભાં કરીએ તો જ વિનોબાની વાતો ચરિતાર્થ થઈ ગણાય. ગ્રામદક્ષિણામૂર્તિમાંથી ગ્રામોત્થાનનો વિચાર મળ્યો. સેવાગ્રામ – બિહારમાં એ પુષ્ટ બન્યો , હવે સંસ્થાની શીળી છાયા છોડીને કોઈ ગામમાં એને પ્રત્યક્ષ કરવો રહ્યો. આ ભઠ્ઠીમાં શેકાવાનું અને જીવનની એરણ પર ઘડાવાનું મેં નક્કી કર્યું.

ઢસા જંકશનથી ૭ કિલોમિટર દૂર ભાવનગર – રાજકોટના ધોરી માર્ગની બાજુમાં ભંડારિયા નામનું એક નાનકડું ગામ છે. નાડોદા રજપૂતો, કુંભારો, હરિજન – ભંગીઓ, રબારી અને વાઘરીની વસ્તી ૯૮%. ૧૯૪૮માં પૂ. નાનાભાઈના હસ્તે આ ગામમાં મેં ગ્રામશાળાનું ખાતમુહૂર્ત કરાવેલું. યુવાન સંગઠન અને પૌઢશિક્ષણનું કાર્ય પણ કરેલું. ગામ ભાવુક અને ઉત્સાહી. મોટા ભાગની વસ્તી ગરીબ . વ્યસન વ્યાપક પ્રમાણમાં. ભણતરનું નામનિશાન નહીં. ખેતી અતિ પછાત. અજ્ઞાન અને જ્ઞાતિવાદનું પોરસભર્યું માનસ ચારેબાજુ ફેલાયેલું.

લોકોએ મુનિશ્રી સંતબાલજીનું બે ખેતરવા સામે જઈ સ્વાગત કર્યું. માનનીય શ્રી ઢેબરભાઈના હાથે સમગ્ર ગામની ૧/૬ ભાગની ૩૨૫ વીઘાં જમીન ૧૯ ભૂમિહીન પરિવારોને વહેંચવામાં આવી. દાનપાત્ર ભરાય એટલું પૂરતું નહોતું, જમીનનો કબજો સોંપાય ત્યારે જ વિધિ સંપૂર્ણ થઈ ગણાય ને મને એમાં જ રસ હતો.

માલપરાની સંસ્કારી – શિક્ષિત સંસ્થાના કાર્યકરસમૂહમાં રહેવાનું સરળ હતું, પણ ભંડારિયા જેવા પછાત ગરીબ રૂઢિચુસ્ત, સગવડરહિત ગામમાં રહેવું ને કામ કરવું ઘણું કઠણ હતું. મને મારા કુટુંબની ચિંતા હતી. મારાં પત્નીનો ઉછેર અને ભંડારિયાનું વાતાવરણ એનો મેળ કેમ બેસાડશે એ પ્રશ્ન હતો ; પરંતુ મારાં પત્નીની વિચારનિષ્ઠા મારાથી પણ ચડિયાતી સાબિત થઈ. અમે કૃતનિશ્ચયી બની ભંડારિયા ગયાં. જોકે મારા મિત્ર બાબુભાઈ જાદવાણીએ તો શરત લગાવેલી કે તમે ૧૫ દિવસથી વધારે સમય ટકો તો મૂછ મૂંડાવી નાખું. પણ અમે ભંડારિયામાં ટકયાં, ચોવીશ વર્ષ સુધી ટક્યાં.

અગાઉ બહારવટિયા ભૂપત અને વીસા માંજરિયાના વખતે ખભે હેનરી માર્ટિનની રાઇફલ સાથે મુ. રતુભાઈ અદાણીની રાહબરીમાં મેં લોકસેવાના સૈનિક બની ખારાપાટનાં ગામડાં ખૂંદ્યા હતાં. હવે વિનોબાજીની પ્રેમવાણી અને જે.પી.ની વીરહાક સાંભળી ગામડામાં ધૂણી ધખાવવી હતી. ગ્રામદક્ષિણામૂર્તિ, પૂ. નાનાભાઈ, પૂ. મનુભાઈ અને પૂ. ધીરેનદાની તેમાં હૂંફ હતી.

ભૂદાન આંદોલનની અનેક પ્રકારની ટીકાઓ થઈ છે. તેની નિષ્ફળતા ગાઈ–વગાડીને લોકો સામે ધરવામાં આવે છે; પરંતુ મારો જાત–અનુભવ રજૂ કરીને આ પ્રશ્નોનો જવાબ આપવો ઉચિત ગણાશે.

ભંડારિયામાંઅમે ૩૨૫ વીઘાં જમીન મેળવી હતી. તે ૧૯ પરિવારોને ૩થી ૮ એકરના ક્ષેત્રફળમાં વહેંચી હતી. તમામ જમીનનું ખેડાણ થયું હતું. ૧૦ કુટુંબોને સંપત્તિદાન , શ્રમદાન અને વિકાસ સહાયથી કૂવા કરાવી આપવામાં આવ્યા. સાધનદાન દ્વારા તમામ કુટુંબોને ગાડી – બળદ – સાંતી વગેરે ઓજારો કરાવી આપવામાં આવ્યાં. તેઓ સારું બિયારણખાતર વાપરે અને વધારે ઉત્પાદન મેળવે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. આજે ગામમાં કોઈ ભૂમિહીન પરિવાર નથી. કોઈ ધંધા વિહોણું નથી.

આર્થિક જરૂરિયાત માટે સૌ સહકારી મંડળીમાં જોડાયા છે. મળેલી જમીનના તેઓ માલિક છે. ખેતીકૌશલ દ્વારા સારું ઉત્પાદન મેળવે છે.

હરિજન, ભંગી, વાઘરી, રબારી, રજપૂત તમામ જ્ઞાતિના લોકો જાતે ખેતી કરી વર્ષમાં ૫૦ ટકા આવક મેળવે છે અને બાકીની આવક ખેતીમજૂરી તેમજ અન્ય વ્યવસાયો મારફત મેળવે છે. ગાય – ભેંશ, બળદ વગેરેનું પશુપાલન કરે છે. ખેતીગોપાલન દ્વારા આર્થિક સ્વાવલંબનનું અહીં નમૂનેદાર કામ થયું છે. આસપાસનાં ગામોમાં પણ આ જ પ્રક્રિયા ચલાવી છે અને સરસ કાર્ય થયું છે. ખેડૂતો અને ખેતમજૂરો વચ્ચે સંઘર્ષ નહીં પણ વર્ગમેળનું સારું વાતાવરણ જોઈ શકાય છે.

સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને સ્થાનિક લોકોની સહાયથી તેમજકાર્યકરોના પુરુષાર્થથી બાલમંદિર, પ્રાથમિક શાળા, સહકારીમંડળી,ગ્રામપંચાયતનું લોકસ્વરાજની દૃષ્ટિએ કાર્ય થયું છે. શૈક્ષણિક દૃષ્ટિએ સાવ પછાત ગામમાં આજે સાત ધોરણની સરળ શાળા ચાલે છે. એસ.એસ .સી., પી.ટી.સી., લોકભારતી સ્નાતક, સાયન્સ ગ્રેજ્યુએટો., બી.એડ., એમ.એડ., એમ.બી.બી.એસ. વગેરે પદવી ધરાવનારા યુવાનો સારી સંખ્યામાં છે. ૧૯૫૫થી ૧૯૭૯ સતત ૨૪ વર્ષ સુધી આ ગામને અમારી કર્મભૂમિ બનાવી , ગ્રામવિકાસની તમામ પ્રવૃત્તિઓ વિકસાવવા યથાશક્તિ પ્રયત્ન કર્યો.

કેટલીક પ્રવૃત્તિઓનો ટૂંકો પરિચય આમ આપી શકું :

- **પ્રૌઢશિક્ષણ, નિરક્ષરતા નિવારણ**

પ્રૌઢ શિક્ષણના વર્ગો દ્વારા નિરક્ષરતાનું સંપૂર્ણ નિવારણ કરવામાં આવ્યું. ૮૦% લોકો વાંચતા થયા. દરેક જ્ઞાતિનાં બાળકો શિક્ષણ લે તે માટે સઘન પ્રયત્નો કરતાં આજે ૮૫% જેટલાં બાળકો શિક્ષણ મેળવી રહ્યાં છે.

- **સહકારી પ્રવૃત્તિ**

ગામનો દરેક પરિવાર – ખાતેદાર સહકારી મંડળીનો સભ્ય બને તેમ જ તેને જરૂરી ધિરાણ મળે તે માટે મંડળીમાં જોડી તેમની આર્થિક જરૂરિયાતો પૂરી કરવા પ્રયત્ન કર્યો. લોકભારતીના સ્નાતક માવજીભાઈ ખેરને મંડળીની જવાબદારી સોંપી. ફક્ત ધિરાણથી સંતોષ ન માનતાં જીવનજરૂરિયાતની વસ્તુઓની દુકાન શરૂ કરવામાં આવી. ૧૮ વર્ષથી આ દુકાન મંડળી મારફત સંતોષકારક રીતે ચાલે છે. સુધરેલાં બિયારણ, જંતુનાશક દવાઓ, રાસાયણિક ખાતરો તેમજ ખેતીનું ઉપયોગી સામગ્રીનું વેચાણ કરે છે. ગામડામાં મોટી સમસ્યા ઉત્પન્ન થયેલ માલના સંગ્રહની છે. મંડળી મારફત ગોડાઉનની વ્યવસ્થા કરી તેનો ઉકેલ આણવામાં આવ્યો. છેલ્લાં ૧૮ વર્ષથી મંડળી મારફત મોટા ભાગના માલનું સામૂહિક ધોરણે

વેચાણ કરવાની પ્રથા કાયમી થઈ છે. ઉત્પાદકને વાજબી બજારભાવ મળે છે. ગ્રોફેડની પ્રવૃત્તિ પછી તો સમગ્ર ગામનો માલ ગ્રોફેડના નીતિનિયમો પ્રમાણે વેચાય છે. મંડળી અ વર્ગ ધરાવે છે. ઘણી સુંદર કામગીરી કરે છે.

- **ગ્રામપંચાયત**

મારું પ્રથમ કામ માલપરા – ભંડારિયા સંયુક્ત ગ્રામપંચાયતને અલગ કરવાનું હતું. ૧૯૫૬માં ગ્રામપંચાયત અસ્તિત્વમાં આવી. તેના સરપંચ તરીકે હું બિનહરીફ ચૂંટાયેલો. ૧૯૫૬થી ૧૯૭૦ સુધી પંચાયત બિનહરીફ ચૂંટાતી આવી. સરપંચ તરીકે હું ચાલું રહેલો. આજે પણ પંચાયત બિનહરીફ જ ચૂંટાય છે. મારા ચૌદ વર્ષના વહીવટમાં પંચાયત મારફત નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરી :

(૧) શાળાનું બાંધકામ, વૃક્ષ ઉછેર કાર્ય, પરિશ્રમાલય, ગોડાઉન, દુકાન, ઑફિસ, સેનીટરી વેલ્સ, ટાંકી, કૂવા હવાડાનું બાંધકામ, પૂરતા પાણી માટે વધારાના ત્રણ કૂવાઓ, શાળાના વધારાના ઓરડાઓ, બાલમંદિર, ગામના રસ્તા પાકા – સિમેન્ટના બનાવવા, ગામના પાદરમાં વોંકળા ઉપર પુલ બંધાવવો, હરિજનોના સાંકડા ગીચ આવાસોની જગ્યાએ હવા – પ્રકાશવાળા સુઘડ ૧૮ આવાસો બંધાવી આપવા વગેરે કામો કરવામાં આવ્યાં. કુંભાર કારીગરો માટે અલગ સહકારી મંડળી બનાવી. તેના સામૂહિક કાર્ય માટે કોમન વર્કશેડ યુનિટનાં મકાન બનાવવામાં આવ્યાં. ગામની નદી ઉપર આડબંધ બંધાવી ગામના કૂવાઓનાં તળ ઊંચાઆવે તે માટે પ્રયત્નો કર્યા. તળાવનું બાંધકામ થયું. પંચાયતનાં તમામ વિકાસકામો ગ્રામફાળાના ધોરણે થયાં. તેમાં એકાદ અપવાદ સિવાય લોકોના સામૂહિક નિર્ણયો લેવડાવી , લોકફાળો એકત્ર કરી, શ્રમદાન મેળવી કામો કરવામાં આવ્યાં . સ્થાનિક લોકોનો ઉત્સાહ અને મારા પરનો પ્રેમ તેમજ વિશ્વાસ મારા માટે મહામૂલી મૂડી સમાન છે. લોકહૃદયની આ ભાવના માટે મને તેમના પ્રત્યે ઊંડો આદર છે.

- **કોર્ટ-કચેરી ત્યાગ, લવાદ સ્વીકાર**

ગ્રામ સમાજમાં આજના કોર્ટકચેરી પદ્ધતિના વહીવટથી પારાવાર નુકસાન થયેલું છે. તેનો ઉકેલ એકમાત્ર લવાદી પ્રથા જ હોઈ શકે. ભંડારિયાના ૨૪ વર્ષના વસવાટમાં કોર્ટ – કચેરીની પદ્ધતિ પર સારું એવું નિયંત્રણ રહ્યું. પોલીસ તેમજ અન્ય સરકારી એજન્સીની જગ્યાએ સ્થાનિક સ્વરાજની ભૂમિકાએ જ પ્રશ્નોના નિકાલ માટે પ્રયત્નો કર્યા. ૮૦% સફળતા મળી તેમ કહી શકાય. પ્રશ્નોનું નિરાકરણ લોકો મારફત જ કરવામાં આવ્યું. આજે લોકો ઉપર કોર્ટ – કચેરી અને નોકરશાહીની પકડ વધતી જાય છે ત્યારે અમે અખત્યાર કરેલ લવાદી પદ્ધતિ લોકો માટે વધારે હિતકર છે એમ જોવા મળ્યું છે.

- **અસ્પૃશ્યતા નિવારણ**

અસ્પૃશ્યતાનો પ્રશ્નકાયદા મારફત કે નોકરશાળી રાહે કે પ્રદર્શનો કરીને ઉકેલવાનો મેં કદી પ્રયત્ન કર્યો નથી. નથી તો એવી જરૂરિયાત લાગી. હરિજનો આર્થિક રીતે સધ્ધર બને , શૈક્ષણિક રીતે સંસ્કારી બને, લોકો બિરાદરીના ભાવથી સાહજિકપણે તેમની સાથે વ્યવહાર કરતા થાય તે માટેની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. સરકારી સબસીડી આધારિત ઉત્થાનના કાર્યક્રમોથી અળગા રહીને આ કર્યું. પરિણામે લોકો હરિજનોને માનભેર અપનાવતા થયા. જોકે શરૂઆતમાં માન્યતાઓ અને રિવાજોને કારણે આ દેવીભક્ત ગામમાં અમુક હરિજન પરિવારો સાથે કસોટીરૂપ પ્રસંગો બન્યા. એમાંથી સંબંધો કડવાશભર્યા બન્યા. અમારી ભૂમિકા દ્વેષરહિતની હતી. પરિણામે હરિજન પ્રશ્ને જે કુટુંબો સાથે કટુ સંબંધો ઊભા થયા હતા તેમની સાથે , આજે પ્રત્યક્ષપણે હું ભંડારિયા ગામમાં નથી રહેતો છતાં અતિ નિકટના સંબંધો ધરાવું છું. દક્ષિણામૂર્તિના શિક્ષણમાંથી મળેલ ભાવના અને સંસ્કારોએ અહીં સુફળ આણ્યું છે તેમ જોઉં છું.

- **તાવણી અને નિર્મળતા**

આ બધાંનો અર્થ એવો નથી કે અમારી કસોટી નથી થઈ. અમારી તાવણી કરનારા પ્રસંગો બન્યા જ છે. પરંતુ પ્રસંગને અંતે અમને વધુ નિર્મળતા સાંપડી છે.

ગામની શાળાનું સંચાલન અમને સોંપવાનો નિર્ણય જિલ્લા શિક્ષણસમિતિએ કર્યો હતો. અમે સંચાલન સંભાળી લીધું; પરંતુ જે શિક્ષકભાઈ હતા તેમની અમારી સાથે કામ કરવાની ઇચ્છા નહોતી. તેમણે પોતાની બદલી કરાવી નાખવા મને જણાવ્યું. મેં એ માટેની કાર્યવાહી શરૂ કરી. ઠીકઠીક સમય ગયો. દરમિયાનમાં વિઘ્નસંતોષી તત્વોએ ગામમાં અવિશ્વાસ અને અસંતોષનું વાતાવરણ ઊભું કર્યું. આ વિસ્તારના કેટલાક જાહેર કાર્યકર મિત્રોએ તેમાં રસ લીધો. સાથી કાર્યકરોએ પણ આડકતરું પ્રોત્સાહન આપ્યું. પ્રશ્ન જટિલ બનવા લાગ્યો. અમારી નિષ્ઠાનો પ્રશ્ન નહોતો. અમે દ્વેષબુદ્ધિ કે બદઇરાદાથી કોઈ પગલું લીધું નહોતું. પણ અમારી ભૂમિકા લોકો સમજી શકે તેવી તેમની સ્થિતિ નહોતી.

એક રાત્રે સામૂહિક રીતે યુવાનોના ટોળાનો હલ્લો આવ્યો. મારા મકાનની ચારે બાજુ ગોઠવાઈને તેમણે પથ્થરમારો શરૂ કર્યો. મકાન ગામને પાદર , નદીકિનારે, થોડું દૂર આવેલું હતું. રાતના ૮ –૦૦થી ૮–૩૦ થયા હશે. ઘરમાં હું, મારાં પત્ની અને બાળકો સિવાય કોઈ નહોતું. પથ્થરમારો એવો સખત હતો કે આજે યાદ કરતાં પણ કંપારી છૂટે. નિઃસહાય દશામાં હું આમતેમ આંટા મારી રહ્યો હતો. ગામમાંથી કોઈ અમને મદદ કરે એવા સંજોગો નહોતા. મકાન પરનાં વિલાયતી નળિયાં તૂટી પડે તેવા મોટા પથ્થરના ઘા થવા લાગ્યા. પરિસ્થિતિ ગંભીર વળાંક લેશે તેમ લાગતું હતું.

મારાં પત્નીએ કહ્યું, "ચાલો, આપણે સામે ચાલીને લોકોને પૂછીએ અને કહીએ કે અમને મારો. અમે તમારી સામે જ ઊભાં છીએ ." તેમની આ હિંમત અને વિચારનો વિનાવિલંબે અમલ કરવા અમે દરવાજા ખોલી બહાર ચોગાનમાં અને ત્યાંથી યુવકવર્ગ જ્યાંથી અમારા પર પથ્થરમારો ચલાવી રહ્યો હતો ત્યાં કશાય હથિયાર વગર જઈને ઊભાં રહ્યાં. શાંતિથી તેમને કહ્યું , "ચાલો, તમારે મારવાં છે ને ? અમે તમારી વચ્ચે જ છીએ. ચલાવો પથ્થર. મારો અમને." જાણે ચમત્કાર થયો. બધા ચૂપ. કોઈ બોલે કે ચાલે. અમે અર્ધો કલાક ગામ વચ્ચે ફર્યાં. ન કોઈ કાંઈ બોલ્યું , ન એક પણ પથ્થર ફેંકાયો. બીજે દિવસે જિલ્લા શિક્ષણ સમિતિના પ્રમુખ શ્રી નવલભાઈ શાહને કોઈએ સમાચાર આપ્યા હશે તે અમારી ખબર કાઢવા આવ્યા. લોકો પાસેથી બધી વાત જાણીને અમને મળવા આવ્યા. કહે : "આટલું બધું તોફાન થયું ત્યારે પોલીસ રક્ષણ મેળવી લેવું જોઈતું હતું." મેં સહજ રીતે જ કહ્યું , "પોલીસ પાર્ટી દ્વારા આ ગામમાં કામ લેવું હોય તો આ ગામમાં બેસવાનો કોઈ અર્થ જ નથી રહેતો. અમે ગ્રામદક્ષિણામૂર્તિમાંથી એવું શીખ્યા નથી." આજે એ જ વિદ્યાર્થી યુવાનો ભણીને આગળ વધ્યા છે , સમજણા થયા છે , અને આખો પ્રસંગ તેમના શબ્દોમાં સાંભળીએ છીએ ત્યારે મન હળવું થઈ જાય છે.

આવો જ કસોટીનો બીજો પ્રસંગ સહકારી મંડળીનું ગોડાઉન ઊભું કરવાનું હતું ત્યારે બન્યો હતો. તે વખતે આસપાસનાં મોટાં ગામોમાં પણ ગોડાઉન નહોતાં. મેં ગોડાઉનની દરખાસ્ત મૂકી એટલે સ્થાપિત હિતોએ તેનો સખત વિરોધ કર્યો. મંડળીના પ્રમુખને ઠસાવી દીધું કે આ તમારા હિતમાં નથી. તેણે મોટા ખાતેદારોને અષ્ટમ્ પષ્ટમ્ સમજાવી દીધું. વિરોધી વાતાવરણ ઊભું થયું. પણ આવા પડકારનો નિર્ભયતાથી સામનો કરવાની ગળથૂથી પૂ. નાનાભાઈ અને પૂ. મનુભાઈ પાસેથી મળી હતી. અમે ધૈર્ય , નિષ્ઠા અને સમજાવટથી કામ લીધું. અંતે ૧૯૬૪માં ગોડાઉન મંજૂર થયું. લોકોની સર્વસંમતિથી કામ શરૂ કરવામાં આવ્યું. લોકો ૧૮ વર્ષથી એનો લાભ લે છે. આપણી નિષ્ઠા યોગ્ય હોય તો લોકોમાં તેવો જ પડઘો પડે છે તે મારો સ્વાનુભવ છે.

- **પંચાયતીરાજ : ભ્રષ્ટાચાર સામે જેહાદ**

ભંડારિયાના સરપંચની હેસિયતથી હું ગઢડા તાલુકાપંચાયતનો સભ્ય હતો. કારોબારી સમિતિમાં સભ્ય અને એક સમિતિમાં અધ્યક્ષ હતો. ગ્રામસમાજની નવરચના માટે પંચાયતીરાજ મહત્ત્વનું કદમ છે. તેમાં રસ લેવા અન્યને પણ મેં આગ્રહ કર્યો હતો. પ્રશ્ન આવ્યો : પ્રમુખશ્રી તરફથી આચરવામાં આવતા વ્યાપક ભ્રષ્ટાચારનો. ક્યાં સુધી મૂંગા મૂંગા જોઈ રહેવું ? આંબલાના પાઠ સમાજવિરોધી તત્ત્વો સામે લડવા કહી રહ્યા હતા. કેટલાક વડીલો કોંગ્રેસી આગેવાનો સાથે સમાધાન સાધી લેવા સમજાવતા હતા. કસોટીની એરણ પર ચડ્યો. લોકો મારી ભૂમિકાની કદર કરતા હતા. વડીલો નારાજ હતા. અમે તો

વિરોધના શ્રીગણેશ માંડ્યા.પ્રત્યક્ષ રૂપમાં અમને સફળતા ભલે ન મળી , પણ અનિષ્ટની સામે લડવામાં તો આનંદનો જ અનુભવ થયો.



## ખાદીકાર્ય

માલપરાનું સઘનક્ષેત્ર આર્થિક જવાબદારીઓને કારણે પાછું સોંપાવાનું સંચાલકો વિચારતા હતા. હું તેમાં સભ્ય નહોતો, પણ વિચારવા માટે બોલાવેલો. મને લાગતું હતું કે પાછું સોંપવાને બદલે હજુ એક વધુ પ્રયોગ કરી જોવો જોઈએ. અને એમાંથી જવાબદારી મારા પર જ આવી પડી.

ખાદીગ્રામોદ્યોગો ઉપરની મારી શ્રદ્ધા અતૂટ છે. ગ્રામ સમાજની ઉન્નતિ માટેનું પ્રથમ પગથિયું ખાદી છે તેમ આજે પણ માનું છું. એથી ઢસાને મુખ્ય કેન્દ્ર બનાવી ઢસાથી સોનગઢ સુધીનાં ગામડાંઓની પટ્ટીમાં, ગ્રામદક્ષિણામૂર્તિ–લોકભારતીથી વાત્સલ્યધામ સુધીનો પ્રદેશ ખાદી–ગ્રામોદ્યોગ, ખેતીગોપાલનથી ધમધમતો હોય એવી મારી અંતરની મહેચ્છા હતી. તેથી લોકભારતી કે આંબલાનાં સઘનક્ષેત્ર કેન્દ્રો સંભાળવાની પૂ. મનુભાઈ તરફથી દરખાસ્ત આવી ત્યારે , વિસ્તૃતીકરણની કેટલાક મિત્રોની અનિચ્છા છતાં, મેં સંભાળવા નિર્ણય કરેલો. આજે આંબલામાં સુંદર અંબરપ્રવૃત્તિ ચાલે છે. કાર્યકર્તાઓનિષ્ઠા, ધગશ અને સાતત્યથી કામ કરે તો ધાર્યાં પરિણામો આવી શકે તેવી મારી સ્પષ્ટ માન્યતા છે.

મારી એવી માન્યતા રહી છે કે ઢસાથી સોનગઢ સુધીની ૧૦૦ ગામડાંની પટ્ટીમાં લોકભારતીને મધ્યમાં રાખી ખાદીગ્રામોદ્યોગ, ખેતી, ગોપાલનનું નમૂનેદાર સંકુલ ઊભું કરવું જોઈએ. એ માટેની ભૂમિકા આખા વિસ્તારમાં ભારોભાર પડી છે. જરૂર છે એને વેગ આપનાર યોગ્ય સંયોજન અને સંચાલનની.

૧૯૭૫માં દેશ ઉપર કટોકટી લાદવામાં આવી ત્યારે જનતા પક્ષના નેજા નીચે આ વિસ્તારનાં ગામેગામ કટોકટીના દૂષણને ફેંકી દેવા લોકઆંદોલન ઊભું કરવા પ્રયત્ન કર્યો. પરિણામ સ્વરૂપ આપખુદ અસામાજિક સ્થાપિતહિતોનો જબરદસ્ત પડકાર સામે આવીને ઊભો. અમારા વિસ્તારમાં બીજા સાથી મિત્રો નિર્ભયતાથી આગળ આવવામાં હિચકિચાટ અનુભવવા લાગ્યા. અમે તો આ સંગ્રામમાં ઝુકાવ્યું. આજે કેટલાંકની કિન્નાખોરી, ખુન્નસ અને રોષનો સતત સામનો કરી રહ્યો છું. પ્રસંગોપાત ભોગ બનવું પડે છે.

આજકાલ કરતાં આ વિસ્તારનું રચનાત્મક કાર્ય કરવામાં વિતાવેલાં વર્ષો ચોત્રીશ થવા જાય છે. અવૈતનિક કાર્યકર તરીકે જ આ કામો કર્યાં છે. આર્થિક સંકડાશ પણ ભોગવી છે. પણ દ્રવ્યોપાર્જનનો વ્યવસાય કરવાથી અલિપ્ત જ રહ્યો છું. વચ્ચે મુ. પરિક્ષિતલાલભાઈએ સૌ. સરસ્વતીને ગાંધી સ્મારકનિધિના કાર્યકર તરીકે નિમણૂક આપેલી , અને તેનું વેતન મળતું. તે સિવાય મારી થોડી અંગત ખેતી અને ગાયથી આર્થિક ગાડું ગબડાવ્યું છે. જે સંસ્થાઓ ઊભી કરવામાં મેં મારી પૂરી તાકાત લગાવી હતી તે સારી એવી સધ્ધર થઈ છે. માત્ર સંતાનોનું શિક્ષણ , માંદગી વગેરેને કારણે સઘનક્ષેત્રમાં માનદ વેતન માટે મેં માગણી મૂકી હતી.

તેમાં બધાં મિત્રો સંમત હતા પણ એક મિત્રના વિરોધને કારણે મેં મારી દરખાસ્ત પાછી ખેંચી લીધી.

કુટુંબજીવનમાં જ્ઞાતિવાદને સંપૂર્ણપણે તિલાંજલિ આપી છે. જયેષ્ઠ પુત્રનાં લગ્ન પણ આંતરજ્ઞાતીય રીતે કર્યાં છે.

પૂ. નાનાભાઈ ,મનુભાઈ અને સંસ્થાના શિક્ષણને જીવનમાં અને સમાજમાં ઉતારવા યથાશક્તિ પુરુષાર્થ કરીએ છીએ, તેનો આત્મસંતોષ લઈએ છીએ. સફળતા–નિષ્ફળતા તો ભવિષ્યને હાથ છે. છેલ્લાં ૨૮ વર્ષનાં ગ્રામનિર્માણનાં કાર્યોમાં ખૂંપી જવામાં મારાં પત્ની સૌ. સરસ્વતીની નિષ્ઠા , ગ્રામાભિમુખતા, દૃઢ મનોબળ અને કઠિન પરિશ્રમનો સહારો ઉલ્લેખનીય છે.

અનેક પ્રલોભનો, સહકારી બૅંકમાં સારી તકો તેમ જ અન્ય વ્યવસાયોના આકર્ષક લાભો જતાં કરી વિચારપૂર્વક ગ્રામસ્વરાજની મારી પ્રવૃત્તિઓ અને પ્રયોગોમાં કાયમી સહભાગી મારા વિદ્યાર્થી તથા સહકાર્યકર, લોકભારતીના વિદ્યાર્થી ભાઈ માવજીભાઈ ખેરનો હિસ્સો પણ એટલો જ ઉલ્લેખનીય છે. ભંડારિયાના અપંગ કાર્યકર ઝીણાલાલ પણ પ્રશંસાપાત્ર છે.

હજુ પણ ગ્રામદક્ષિણામૂર્તિના શિક્ષણને શોભે તેવી પ્રવૃત્તિઓ વિકસાવવા હર્ષભેર કાર્ય કરતાં રહેવાનું મન થાય છે. લોકો તરફથી મને ગમતી પ્રવૃત્તિ સમી ઢસા જંકશનની ગૌશાળાનું સંચાલન સોંપવામાં આવ્યું છે. જીવનસંધ્યાનો નિવૃત્તિનો કાળ ગૌસેવામાં પણ ખરચાશે તેને હું મારું સૌભાગ્ય સમજીશ.

***ॐ सहनाववतु !***

આજ સુધી આપણે એક માન્યતામાં દોરવાયા છીએ અને તે એ કે કેળવણી એ જીવનથી કોઈ જુદી અલાયદી વસ્તુ છે. આપણી આ માન્યતાને લઈને જ આજની આપણી શાળાઓ – મહાશાળાઓને જીવન સાથે બહુ મેળ હોતો નથી. ખરી રીતે માણસનો આત્મા જેમ દેહથી જુદો છે પણ તેમાં ઓતપ્રોત થયેલો છે તેવી રીતે કેળવણી જીવનમાં ઓતપ્રોત થયેલી છે , એટલે કેળવણીની સિદ્ધિ મેળવવી હોય તો તે જીવનમાંથી મેળવવી જોઈએ. જે માણસોએ જીવનના એક ખૂણાને જ જાણ્યો છે તેઓ તે ખૂણા પૂરતા ભણેલા ગણાય ; પણ તેઓ ખરા અર્થમાં કેળવાયેલા ન કહેવાય. જેમણે જીવનના એક ખૂણાને ભલે જાણ્યો હોય પણ સમગ્ર જીવનના એક અંગ તરીકે તેને પિછાન્યો છે તેમણે જીવનને પિછાન્યું છે એટલે તેઓ ખરા અર્થમાં કેળવાયેલા છે.

**–નાનાભાઈ ભટ્ટ**



# શ્રી જગુભાઈ ગોડા

જગુભાઈ મોનજીભાઈ ગોડા. ભાવનગર જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં નેસડી ગામે સંવત ૧૯૮૫ની વિજયાદશમીએ જન્મ. નેસડીમાં સાત ધોરણનો અભ્યાસ કર્યા પછી સાવરકુંડલામાં બે વર્ષ હાઈસ્કૂલમાં ભણ્યા. ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં વિનીત સુધીનો અભ્યાસ કર્યો. (૧૯૪૮)

ગ્રામપુનર્રચનાના અવૈતનિક કાર્યકર તરીકે આજ સુધી અનેક ક્ષેત્રો સાથે સંકળાયેલા રહ્યા છે. ૧૯૪૮થી '૫૨ સુધી માલપરા (તા. ગઢડા)માં ગ્રામનવનિર્માણનું કાર્ય સંભાળ્યું. ૧૯૫૨ –૫૩ બે વર્ષ વર્ધામાં ખાદી – ગ્રામોદ્યોગોનો ઉચ્ચ અભ્યાસ કર્યો. ૧૯૫૩માં એક વર્ષ બિહારમાં ભૂદાન પ્રવૃત્તિમાં સક્રિય કાર્યકર રહ્યા. ૧૯૫૪ –૫૫ માલપરામાં વાત્સલ્યધામના સંચાલક રહ્યા અને ભૂદાન ઝુંબેશમાં જોડાયા. ૧૯૫૫થી '૭૯ સુધી ભંડારિયા (તા. ગઢડા)માંગ્રામપુનર્ રચનાના પ્રયોગો કર્યા. ૧૯૫૬થી ૭૦ સુધીભંડારિયા ગામના બિનહરીફ સરપંચ તરીકે ચૂંટાયા. ૧૯૮૦–૮૧થી ઢસા જંકશન ખાદી કેન્દ્રના અને ગૌશાળાના સંચાલકની જવાબદારીઓ સંભાળે છે. મિત્રો સાથે બે વર્ષનો સમૂહખેતીનો પ્રયોગ પણ કરેલો છે.

ખેતી, ગોપાલન ,ખાદી, ગ્રામોદ્યોગોના પ્રયોગોમાં આજીવન રસ રહ્યો છે . લોકશક્તિ જાગરણ માટેનાં સંગઠનોમાં અને યુવક પ્રવૃત્તિમાં ઊંડો રસ છે. ગીતો અને ભજનો માટે પ્રીતિ છે.

૧૯૫૩માં કેરળનાં વતની સરસ્વતીબહેન સાથે લગ્ન કર્યાં. સંતાનોમાં ત્રણ પુત્રો છે.

